श्री गणेशायनमः

મદિરા નિષેધક પુસ્તકમાળા.

પુસ્તક ૧લુ.

મદ્યપાનથી થતી હાનિ.

લેખક મણીશંકર હરિકૃષ્ણ શાસ્ત્રી.

પ્રકાશક.
મદિરા નિષેધક તથા નીતિ વર્ધક મંડળ,

સુરત.

"દેશી મિત્ર" એનજીન પ્રીન્ટીંગ પ્રેસ—સુરત.

આવૃત્તિ ૧લી ૨૦૦૦ પ્રત.
કિમ્મત ૭ પાઈ.

પ્રસ્તાવના.

હાલમાં આપણા દેશમાં મદ્યપાનનું વ્યસન ઘણુંજ વધ્યું છે. એ મહાન્ અનર્થ છે. દેશની પાયમાલી થવાની સાથે શરીરની પણ પાયમાલી થાય છે. પૈસાનું નુકશાન થાય છે. કુટુંબને કલંક લાગે છે, અને લોકોમાં નિંદા થાય છે. વિગેરે અનેક અનર્થ મદિરાથી થતાં જોઇ આ એક ન્હાનો સરખો નિબંધ અલ્પમતિથી લખ્યો છે. એ વાંચીને દુર્વ્યશન છોડવાની જો કોઇની બુદ્ધિ થશે તો હું મારા શ્રમને સાર્થક થયેલો માનીશ. આ લેખમાં જો કંઇ દોષ હોય તો તે વાંચકોએ મને જણાવવાની કૃપા કરવી. જેથી બીજી આવૃત્તિનો સમય આવે તે સુધારી શકાય.

સુરતની મદ્યપાન નિષેધક સભા તરફથી હાલમાં ઘણો પ્રયાસ ચાલુ છે અને એવી રીતે એ મંડળના સભાસદો સતત પ્રયાસ ચાલુ રાખશે તો થોડા સમયમાં એનું પરિણામ ઘણુંજ સારૂં આવશે.

આ લેખ જો લોકાદરને પાત્ર થશે તો એના જેવાજ બીજા અનેક લેખો લખવા લેખકનો વિચાર છે.

મણીશંકર હરીકૃષ્ણ શાસ્ત્રી

તા૦ ૧૪-૧૧-૧૯૦૮ હરીપુરા—સુરત.

મદ્યપાન નિષેધ.

કાળની ગતી એવી વિચિત્ર છે કે જે વાત આપણે સ્વપ્નામાં પણ આવતી નથી તે પ્રત્યક્ષ જોવામાં આવે છે. હાલના સમયમાં જ્યાં ત્યાં વિદ્યાનો વધારો થતો જાય છે; અનેક પ્રકારની કળાકૌશલ્યતાનો સુધારો થતો જાય છે; દેશની ઉન્નતિ કયા ઉપાયોથી થશે એ હવે સર્વને જણાવવા લાગ્યું છે; એવા સમયમાં "અમુક ખાવું" અને "અમુક પીવું" એનો લોકોને ઉપદેશ આપવો એ આ સુધરેલા સમયમાં કેટલું બધું લજ્જાસ્પદ છે, એનો વિચાર વાંચકોએજ કરી લેવો. આજે મદ્યપાન કરનારા લોકોને મદ્યપાન સંબંધમાં એ વાત કહેવાનો પ્રસંગ આવ્યો છે, એ જોઈ હૃદયને અતીશય ખેદ થાય છે કારણ કે આ પ્રસંગ જો આજથી હજાર પાંચશો વર્ષ આગળ આવ્યો હોત, અગર આફ્રિકાના હબશી લોકો પ્રમાણે આ દેશ તદ્દન જંગલી સ્થિતિમાં હોત તો આ ઉપદેશ યોગ્ય ગણાત. પણ દુર્દૈવની વાત એટલીજ છે કે આ દુર્વ્યસન આપણા લોકોને સજ્ઞાન દશામાં—સમજુ સ્થિતિમાં લાગું પડયું છે.

આપણા પરમપુજ્ય શાસ્ત્રાકારોએ મદ્યનો ઠેક ઠેકાણે નિષેધ કરેલો છે. મનુમહારાજ કહે છે કે,—

"મદ્યપાન કરનારની સાથે કોઇએ ભોજન કરવું નહિં; મદ્યપાન કરનારને ન્યાતિ બહાર મુકવો. તેની સાથે લગ્ન સંબંધ કરવો નહિં."

ब्रह्महत्या सुरापानं स्तेयं गुर्वङ्गनागमः ।
महान्ति पातकान्याहु स्तत्संसर्गी च पंचमः ॥ १ ॥
स्त्री बालस्वामी मित्रघ्नो गोघ्नो विश्वासघातकः ।
सुरापो ब्रह्महा चोरो यान्त्येते सर्वनारकान् ॥ २ ॥

બ્રહ્મહત્યા કરનારને, મદિરા પીનારને, ચોરી કરનારને, ગુરૂસ્ત્રીમાં ગમન કરનારને મહા પાપ થાય છે, અને એમનો સંસર્ગ સંગ કરનારને પણ તેટલુંજ પાપ લાગે છે.

સ્ત્રી, બાળક, સ્વામિ અને મિત્રને મારનાર, ગાયની હત્યા કરનાર, વિશ્વાસઘાતી. મદિરા પીનાર, બ્રહ્મહત્યા કરનાર અને ચોરી કરનાર, એ સર્વ નર્કમાં જાય છે. ૨

अयुक्तं बहु भाषन्ते यत्रकुत्रापि शेरते ।
नग्नो विक्षिप्य गात्राणि स जाल्म इव मद्यपः ॥
मद्यपस्य कुतःसत्यं । दया मांसाशिनःकुतः ।

મદ્યપાન કરનાર નહિ બોલવાનું બોલે છે, વસ્ત્રનું ભાન નહિ રહેતાં જ્યાં ત્યાં નગ્ન થઇને નિચની માફક

પડે છે: મદ્યપાન કરનારમાં સત્ય હોતું નથી, અને માંસ ખાનારને દયા હોતી નથી.

चित्ते भ्रान्ति जायते मद्यपानात्
भ्रान्ते चित्ते पाप चर्या मुपैति ।
पापं कृत्वा दुर्गतिं यान्ति मूढा
स्तमान्मद्यं नैव पेयं न पेयं ॥

મદ્યપાન કરવાથી ચિત્તમાં ભ્રાંતી ઉત્પન્ન થાય છે. અર્થાત્ બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, અને બુદ્ધિ બગડયાથી તે મનુષ્ય પાપજ કરે છે, પાપ થવાથી તે મૂઢ પુરૂષોની દુર્ગતિ થાય છે, એટલે તેઓ નર્કમાં જાય છે. માટે કોઇએ મદ્યપાન કદાપિ નહિ કરવું.

હાલના સમયના એક દાંભિક સુધારકની સાથે મદ્યપાન સંબંધી વાતચીત કરતાં તેણે મને પૂછયું કે:—

તમે તો મદિરાનો નિષેધ કરો છો પણ શ્રીમદ્ ભાગવતમાં તો મદિરાને ચૌદ રત્નમાં ગણી છે તો પછી મદીરા પીવામાં શો બાધ છે? તેને મે યથામતિ ઉત્તર આપ્યો કે, ભાઇ? શ્રીમદ્ ભાગવતના પ્રમાણુથીજ સિદ્ધ થાય છે કે, સમુદ્રમંથન સમયે માદરારત્ન નિકળ્યું, તે બ્રાહ્મણાદિચાર વર્ણને નહિ આપતા અસુરોને આપવામાં આવ્યું હતું. કારણુ કે મદિરાના અધિકારી અસુરોજ હતા.

આ ઉપરથી વાંચનારાઓએ સમજવું જોઇએ કે, જે પદાર્થ કેવળ તમોગુણથી ભરેલો છે. જે પીવાથી કોઇ જાતનો પણ ફાયદો ન થતાં કેવળ નુકશાનજ છે, જેનાથી મનુષ્યપણું જતું રહી અસુરપણુંજ પ્રાપ્ત થાય છે, તો પછી એવી વસ્તુનો સ્પર્શ કરવો એ પોતાને હાથે પોતાનું ગળું કાપવા બરોબર છે.

મદ્યની કૃતિ.

મદ્ય કેવી રીતે બનાવવામાં આવે છે, એનો વિચાર પણ મદ્યપાનીઓએ અવશ્ય કરવો જોઇએ.

सुरावै मलमन्नानां पाप्मा च मलमुच्यते ।

મદિરા એ અન્નાદિક પદાર્થોનો દુર્ગંધ યુક્ત મેલ છે. જેવી રીતે આપણે અન્ન ખાઇએ છીએ અને તેનો જે મલ એટલે નર્ક છે તે સામે આપણે જોતાં પણ નથી. તેવીજ રીતે મદિરા એ પણ કેટલાક અન્ન વિગેરે પદાર્થનું કહેવાણ છે, અર્થાત્ તે નર્ક તુલ્ય છે. તો શું આવા નર્કસમાન પદાર્થમાં મનુષ્યની પ્રવૃત્તિ થવી એ શું મનુષ્યપણું કે પશુતા??

મનુમહારાજ કહે છે કે,—

गौडी पैष्टी च माध्वी च विज्ञेया त्रिविधा सुरा ।
यथैवेका तथा सर्वा न पातव्या द्विजोत्तमैः ॥

મદિરા ત્રણ પ્રકારની થાય છે, એક ગોળની, બીજા લોટની અને ત્રીજી મોહડાની. તાડ, ખજુરીનાં ઝાડમાંથી જે રસ નિકળે છે તેને પણ મદિરામાં ગણી છે. આ મદિરા જ્યાં તૈયાર થાય છે તે સ્થાનમાં જો કોઈ જાય તો તેને એટલી તો દુર્ગંધી લાગે છે અને એટલો તો કંટાળો આવે છે કે કેટલાકને તો ત્યાંજ ઉલટી થઈ જાય છે. કારણ કે મોહડા વિગેરે પદાર્થને કહોવાડી કહોવાડીને તેનો અર્ક કાઢવામાં આવે છે. અને તે કહોવાણને લીધે દુર્ગંધ ઉડયા કરે છે. તો શું આવા દુર્ગંધ યુક્ત પદાર્થ શિવાય બીજા કંઇ ઉત્તમ પદાર્થજ નથી કે લોકો પોતાનું સર્વસ્વ મદિરામાં ગુમાવે છે. મદિરાને લીધે ભારતવર્ષની ઉન્નતિનું સત્યાનાશ ગયું છે. મદિરાને લીધે ધનવાનો ધનહીન ગયા છે. ગરીબો મજુરી કરતા મરી જાય છે. પણ આ કુટેવને લીધે તેઓ કદિ પણ તરતા નથી, મજુરો મજુરી કરી સાધારણ પૈસો મેળવે છે અને તે મદિરાપાનમાં ગુમાવે છે. જેથી ઘરમાં સ્ત્રી પુત્રાદિઓને જોઇતું અન્ન પણ મળતું નથી. કેટલાકોને મદિરાની એટલી બધી ટેવ હોય છે કે એ સ્ત્રીઓના લુગડા ઘરેણા અડધી કિમ્મતે વેચીને પણ પીએ છે. કંઇ કેટલા જમીનદારોની જમીન, જાગીરદારોની જાગીરી અને આબરૂદારોની આબરૂ પણ આ

કુછંદને લીધે જતી રહી છે, કંઇ કેટલા ધનવાન અને સુખી કુટુંબમાં ઉત્પન્ન થયેલા તરૂણ યુવાનો પણ આ કુટેવને લીધે પોતાની ઉગતી જુવાનીમાંજ શરીરની પાયમાલી કરી મરણને શરણ થઈ ગયા છે.

હિંદુ, મુશલમીન, પારસી વિગેરે કોઇના પણ ધર્મ પુસ્તકમાં મદિરા પીવાનું લખ્યું નથી: ઇંડિયન પીનલ કોડમાં મદિરા પીનારને ૨૪ કલાકની સજા લખવામાં આવી છે. ઇસાઈઓના ધર્મ પુસ્તકમાં પણ શરાબ પીવાની મનાઇ કરી છે. મુશલમાનોના કુરાનમાં પણ દારૂ પીનારને શેતાનથી પણ વધારે નબળો ગણ્યો છે.

મદ્યના પ્રસાર માટે આબકારી ખાતું એ પણ એક કારણ છે.

મદ્યપાનના પ્રસાર માટે આપણા લોકોની ભુલજ છે. પણ તેમાં સરકારી આબકારી ખાતું પણ એક કારણ રૂપ છે. રાજ્ય વ્યવસ્થા બરોબર રાખવી; સ્વસ્થતા, બંદોબસ્ત સર્વ ઠેકાણે રાખવા; દંગો ફીસાદ અને ટંટા બખેડા નહિ થાય એને માટે પ્રજાની પાસે સરકારે કર લેવો જરૂરનો છે; અને તે કર આપવો એ પ્રજાનું કામ છે. સરકાર પ્રજાના માબાપ કહેવાય છે. માટે સરકારે જે કર વસુલ કરવો તે એવી રીતીએ વસુલ કરવો જોઇએ કે " કર પણ વસુલ થાય અને

પ્રજાનું નુકશાન નહિ થાય." માત્ર કર વસુલ કરવા તરફજ સરકારની દ્રષ્ટિ હોવી જોઇએ નહિ. એટલે બાબતમાં કદિ સરકારનું હીત થતું હોય અને પ્રજાનું નુકશાન થતું હોય, પ્રજાને દુઃખ પડતું હોય, પ્રજાના તન મન ધનની હાનિ થતી હોય, તો એવી બાબતમાં સરકારે પણ વિચાર કરવો જોઇએ અને પ્રજાનો લાભ સાચવવો જોઇએ. મદ્યપાનના સંબંધમાં સરકાર જો પ્રજાને પૂર્ણ પ્રેમથી મદદ કરે તો એમાં સરકારનું જરા પણ નુકશાન થાય એમ નથી, કારણ કે હાલમાં જયાં ત્યાં મદ્યપાન એટલું બધું વધી ગયું છે કે, જેથી પ્રજા નિર્વિર્ય થઈ અલ્પાયુષી થતી જાય છે. જયારે લોકો દુર્વ્યશનથી મરવા લાગશે, જયારે મદિરાપાનથી ઉન્મત્ત થઇ લડાઇ ટંટો કરનારને ઘર અને કેદખાનુ સમાન જણાશે, જયારે બુદ્ધિભ્રષ્ટ થવાથી ચોરી વિગેરે ના ગુન્હાઓ વધી પડશે, અને એવા બદમાસોથી કેદખાનું જયારે ભરાઇ જશે, ત્યારે સરકાર પોતાનો કર કોની પાસે વસુલ કરશે? અને કર જો વસુલ થશે નહી તો રાજય વ્યવસ્થા કેવી રીતે ચાલશે? માટે આ સંબંધમાં જેટલું લક્ષ પ્રજાએ રાખવાનું છે, તેનાથી વધારે સરકારે પણ રાખવું જોઇએ. ખરૂં જોતાં આ બાબતમાં મદદ કરવાથી સરકારને નુકશાન નથી પણ ભાવી હિત અને રાજયની મજબુતી છે.

હિન્દુસ્તાનના લોકોને મદ્યપાન કરવાની બિલકુલ જરૂર જણાતી નથી. આ દેશની હવા અને પાણી એવા સમતોલ છે કે ઉન્હાળો, શિયાળો અને ચોમાસુ કોઇને પણ ત્રાસદાયક નથી, હિન્દુસ્તાનની બહારના કેટલાક મુલકોમાં બારેમાસ વરસાદ પડે છે, કેટલેક ઠેકાણે બરફ વરસે છે, અને કેટલેક ઠેકાણે બારેમાસ તાઢ અતીશય પડે છે, આવા દેશોમાં કે જયાં શરીર માં ગરમી આણુવાને મદિરાની ખાસ જરૂર છે, એવું ધારવામાં આવે છે તો એવા દેશોમાં પણ મદિરાને નહિ અડકનારા ઘણા મનુષ્યો હોય છે. તો પછી આ દેશમાં બિલકુલ જરૂર ન છતાં મદિરાનો અતિશય ઉંપયોગ થાય એ દેશની પાયમાલી નહિ તો બીજું શું ?

પરમેશ્વરે મનુષ્યના સુખને માટે અમૃત સમાન અનેક પદાર્થ નિર્માણ કર્યાં છે, તે સર્વને છોડી મદિરા સરખા દુર્ગંધયુકત અને ઝેર જેવા પદાર્થનું મનુષ્ય સેવન કરે એ કેટલું બધું આશ્ચર્ય છે ?

જેમ તંબાકુ ખાનારા લોકો તંબાકુના ગુણ ગાઇને કહે છે કે, તંબાકુ ખાવાથી અન્ન પચે છે દસ્ત સાફ આવે છે, પાણી વિકાર થતો નથી વિગેરે તેવીજ રીતે ગાંજો પીનાર, અફીણ ખાનાર અને દારૂ તાડી પીનાર વિગેરે દુર્વ્યસની લોકો પોત પોતાના

વ્યશનની ખોટાખરા ગપ્પા મારી તારીફ કરે છે, અને કહે છે કે, દિવસભરનો થાક ઉતારવાને દારૂ તાડી પીવોજ જોઇએ. જો કેફથીજ થાક ઉતરતો હોય તો કેટલાક દારૂ તાડી નહિ પીનારા મજુરોની શી ગતિ થાય? દારૂ તાડી એ કંઇ પૌષ્ટિક પદાર્થ નથી; સોમલ વચનાગની માફક દારૂ એ પણ વિષવાળો પદાર્થ છે. ત્યારે આવા શરીરને બાળી નાંખનારા વિષમય અને દુર્ગંધ યુક્ત પદાર્થથી શરીરમાં કેવી રીતે શક્તિ આવે છે અને કેવી રીતે હોશીઆરી રહે છે એ સમજાતું નથી. દારૂથી અમુક જાતના ફાયદા છે એમ ઇંગ્રેજો પણ હજી સિદ્ધ કરી શકયા નથી. મદ્યપાનનો રીવાજ બંધ કરવાને વિલાયતના ઇંગ્રેજોએ પણ સેંકડો સભાઓ સ્થાપન કરી છે, ઠેક ઠેકાણે પાદ્રીઓ, ડોકટરો બોધમય અનેક વ્યાખ્યાનો આપે છે, અને નહાના મોટા પુસ્તકો છપાવીને પણ એ વિષેની માહીતી લોકોને કરે છે. અને એ બાબતમાં તેમને યશ પણ મળે છે.

દારૂ તાડી પીનારના શરીરની આંતર વ્યવસ્થા.

આ નબળા વ્યશનોને આધીન થનાર માણસની શરીર પ્રકૃતિ કેવી હોય છે, તે આપણે બાહેરથી જોઇ શકીએ છીએ કે તેનું શરીર તદન ક્ષીણ, નિસ્તે

જ અને બળહીન જણાય છે. પણ શરીરના અંદરના ભાગમાં જે ભયંકર પરીણામ થતો જાય છે તે આપણે જણાતો નથી. અંદરની સ્થિતીનું ખરૂં વર્ણન વિદ્વાન ડાકટર વૈદ્યોજ સમજાવી શકે, સર્વ લોક જો કે વૈદ્ય ન હોય તો પણ અનુમાનથી થોડી ઘણી અટકળ કરી સકવાને કોઇને હરકત નથી. જેવી રીતે અન્ન પેટમાં જઈ પાચન થવાથી તેનું રૂપાંતર થાય છે, અને તે અવાહી પદાર્થની સાથે મળીને શરીરની દરેક શીરાદ્વારા સર્વ અવયવોને મળે છે, જેથી સર્વ અવયવો સશક્ત થઇ પોત પોતાનું કામ કરે છે. તેવીજ રીતે દારૂ એ અન્ન ન હોવાથી તેનું રૂપાંતર જો કે થતું નથી, તો પણ પાણી પ્રમાણે અન્નની શાથે તે સર્વ અવયવોમાં મળવું જોઇએ. સારા પદાર્થથી સારી ક્રિયા થઇ શરીરને કોઇ જાતનો અપાય થતો નથી. પણ નબળા પદાર્થનો ઉલટોજ પરિણામ થાય છે. દારૂ એ નબળો પદાર્થ હોવાથી તેનું પરિણામ અંદર બહાર નબળુંજ થાય છે. વૈદક શાસ્ત્રી કહે છે કે,—દારૂથી પાચનક્રિયા બગડે છે, જેથી અજીર્ણ થાય છે. તેમજ મગજની શક્તિ નબળી પડે છે. બુદ્ધિમંદ થઇ જાય છે, ભ્રમ પડે છે, નિંદ્રા વધે છે અને ધીરે ધીરે સંસારના કામ કાજ તરફ દુર્લક્ષ થઇ આળસનો વધારો થાય છે.

માતા જો દારૂ પીએ તો તેની પ્રજા પણ દારૂબાજ થાય છે.

આપણા દેશમાં પુરૂષોની માફક સ્ત્રીઓને દારૂનું વ્યશન લાગ્યું નથી, એ આપણું સુભાગ્યજ છે. આપણા તરફની નીચ કોમની કેટલીક છટેલ સ્ત્રીઓ દારૂ પીએ છે, પણ તેઓ પુરૂષો કરતાં ઘણાજ થોડા પ્રમાણમાં જણાય છે. આ પ્રમાણ વધતાં કંઇ વાર લાગતી નથી. હાલમાં મદ્યપાનના નિષેધ સંબંધમાં જે પ્રયાસો ચાલુ છે. તેમાં એક પ્રયત્ન એવો પણ થવો જોઈએ કે મદ્યપાન કરનાર સ્ત્રીઓની ખાસ સભા ભરી મદ્યના ગેરફાયદા તેમને અવશ્ય જણાવવા જોઇએ. સ્ત્રીઓ દારૂ પીનારી હોય તો તેની પ્રજા પણ તેવીજ થાય છે. જેથી હાલમાં બનતા પ્રયત્ને સ્ત્રીઓને સુધારવાની ખાસ જરૂર છે. દારૂ પીનારી સ્ત્રીઓના બાળક રક્તપીતીઆ, કોઢીઆ અને દુર્બળ ઉત્પન્ન થાય છે. જેથી દારૂ પીનાર માબાપો પોતે દુઃખી થાય છે અને પોતાની પ્રજાને પણ વારસામાં દુઃખનો ઢગલો સોંપી જાય છે. જે છોકરાને માટે માબાપ અતિશય દુઃખ વેઠે છે, જેને નાનેથી મોટો કરે છે, જેને માટે અવિશ્રાંત કષ્ટ સહન કરે છે, તેજ છોકરાને જન્મથી આગળજ દુર્વ્યસન લગાડી આપવું એ કેટલું બધું

અધમપણું ? છોકરો દીર્ઘાયુષી થાય એવી જે ઇચ્છા તે માત્ર આવા વ્યશની માબાપોની ઉપલકજ ઇચ્છા સમજવી ! ! ઉપાય અલ્પાયુષના કરવા અને દીર્ઘાયુષની આશા રાખવી એ શું બનવા યોગ છે ? માટે મદ્યપાન કરનાર માબાપોએ પોતાના ભલા માટે નહીં પણ પોતાની વ્હાલી પ્રજાને ખાતર પણ મદ્યપાનને તીલાંજલી આપવીજ જોઇએ.

મદ્યપાન બંધ કરાવવાને વ્યકિતમાત્રએ મદદ કરવાની જરૂર.

લોકો આ દુર્વ્યશનને આધીનજ થઇ જશે તો દેશની ઉન્નતિની આશાજ રાખવી નહી. પોતાના કુટુંબની ઉન્નતિ માટે ઘરના ન્હાના મોટા સર્વ માણસે કાળજી રાખવી પડે છે તેમ દેશની ઉન્નતિ માટે સર્વ જાતીના લોકોએ મદદ કરવી જોઇએ. હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી વિગેરે સર્વ જાતીના લોકોએ આ બાબતમાં એકસંપથી કામ લઇ પરસ્પર મદદગાર થવું જોઇએ. કારણ કે દેશોન્નતિથી થનારા લાભમાં સર્વનો એક સરખો ભાગ છે.

વ્યશન છોડવાનો ઉપાય.

આ લજ્જાસ્પદ અને અનર્થ કારક વ્યશન કેવી રીતે છોડવું એમ જો કોઇ ···· ના મનમાં નિ-

શ્ચય થાય તો તેને માટે સહેલો ઉપાય એ છે કેઃ-
મહીનામાં અમુક અમુક દિવસે તો દારૂ પીવોજ નહી
એવો પ્રથમ દ્રઢ નિશ્ચય કરવો. ત્યાર બાદ દારૂનું પ્ર
માણ કમી કરતાં જવું. એકદમ બંધ ન કરતાં ધીરે
ધીરે બંધ કરવાનું કારણ એ કે, એકદમ છોડવાથી
જે તેને કઠીણતા લાગે તે ધીરે ધીરે છોડવાથી લાગશે
નહી. અને તેનું મન પણ લલચાશે નહી, કેટલાક ભાંગ
ગાંજો, અફિણ વિગેરે ખાનારા કોઇના ઉપદેશથી તાત્કા
લીક એકદમ છોડી દે છે, પણ બે ચાર દીવશ ગયા
કે પાછા ગાંડા ઘેલા થઇ જઈ પાછા તે વ્યશનને આ
ધીન થાય છે. જેથી તેનું વ્યશન છુટતું નથી. પણ
તે જો ધીરે પ્રમાણ કરી છોડયું હોય તો તે સહેલાઇ
છુટી શકે છે, દારૂ પીનારા ઉપલા ઉપાય પ્રમાણે દ્રઢ
નિશ્ચયથી કામ કરે તો જરૂર તેઓ વ્યશનથી મુક્ત
થઇ આ લોક અને પરલોક અવશ્ય સુધારી શકે.

આવી વખતે જાતીનો પ્રતિબંધ આપણે વધારે
ઉપયોગી થઇ પડશે. કેટલાક મોટા મોટા કામો દરેક
ન્યાતીના શેઠીઆ પટેલીઆઓ કરે છે, ન્યાતીમાં કોઇ
ગુન્હેગાર હોય તો તેની પાસે અમુક દંડ લેવો, કોઇ
ગુન્હેગારને ન્યાત બહાર મુકવો અગર ન્યાતમાં સામેલ
કરવો વિગેરે અનેક કામો ન્યાતીની પંચાયતો કરે છે.

તો આવી અવશ્ય કરવાની બાબતોમાં જો દરેક ન્યાતના શેઠીઆ પટેલીઆઓ દુર્લક્ષ કરે તો પછી તેમની મોટાઇ શા કામની? જે જે જાતીમાં એ વ્યશન હોય તે તે જાતીના શેઠીઆઓ પ્રથમ સુધરવા જોઇએ, એટલે શેઠીઆએ પ્રથમ એ વ્યશનથી દુર રહેવું જોઇએ. અને પછી ન્યાતની પંચ મેળવી ચોકશ ઠરાવ કરી દેવો કે જેઓ મદિરા પાન કરશે તેમને ન્યાતી બહાર મુકવામાં આવશે, વિગેરે બંદોબસ્ત જો દરેક મદ્યપાન કરનારી કોમો માંહો માંહો કરે તો આ કામ વિના હરકતે પાર પડે એમ છે. જો દેશોન્નતિ કરવી હોય ગરીબી અવસ્થાને દુર કરવી હોય, આબરૂવાન ગણાવું હોય અને પોતાની ભાવી પ્રજાને સુધારવી હોય તો તો જરૂર મદ્યપાનથી દુર રહી બીજાઓને સુધારવાનો પ્રયત્ન જારી રાખો.

રા. બા. ગોપાળરાવ હરિ દેશમુખે એક વ્યાખ્યાનમાં કહયું હતું કે, પૂર્વના રાજ્યમાં દારૂ કોઇ પીતું નહોતું, અને દારૂ કોઇ બનાવતું પણ નહોતું બ્રાહ્મણ અને મરાઠા રાજ્ય કરનારાઓ દારૂ પીનારને અતિનીચ માનતા હતા અતિશુદ્રાદિકોને માટે કદિ દુકાન રાખવી પડતી તો તે ગામની બહાર ઘણેજ દુર રાખવામાં આવતી, હાલના ઇંગ્રેજી અમલમાં

શેહેરના મહોલ્લે મહોલ્લામાં અને ગલીએ ગલીઓ માં જેમ દુકાન રાખવામાં આવે છે તેમ આગળ નહોતું. જ્યાં મદ્યની દુકાન હોય તે રસ્તેથી ભાવીક હિન્દુઓ જતાં પણ નહી. પૂર્વના રાજ્યકર્તાઓ આવા વ્યાપારથી પૈસો ઉપજાવવાની આશા પણ રાખતા નહી. પણ આધુનિક સરકારનું વર્તન તદન ઉલટું જ છે. દ્રવ્યની આશાથી દુર્ગુણપર દુર્ગુણ વધારે છે અને અસિદ્ધપણે દુર્ગુણ ઉત્પન્ન કરે છે. જો સરકાર ઉત્પન્ન છોડે તો ટો લોકોને મદ્યપાનનો મનાઇ કરી શકે. અને ઉત્પન્ન વધારે તો તો દુરગુણ બંધ કરવાને રસ્તોજ નથી. કારણ કે એક હાથે મદ્યવિક્રયનો વધારો કરવો અને બીજે હાથે મદ્યપાનનો નિષેધ કરવો એ શું બનવા જોગ છે? માટે સરકારે ઉત્પન્ન છોડવીજ જોઇએ. આ વ્યસન ઘાતકીમાં ઘાતકી છે, માટે લોકોને સુધારવાજ જોઈએ. સરકારે પકકુ લક્ષમાં રાખવું જોઇએ કે હિન્દુસ્થાનની પ્રજા દિવસે દિવસ ગરીબ થતી જાય છે. જેથી પરિણામે સરકારને પણ નુકશાનજ છે. માટે સરકારે દારૂની દુકાનો બનતા પ્રયત્ને ઘટાડવીજ જોઇએ.

લોકમત જાગૃત થવું જોઇએ.

હિન્દુસ્થાનના ઉપર મદિરાની એક એવી આપત્તિ છે કે એના જેવું બીજું એકે કષ્ટ નથી આ

મહાન્ દુઃખ તરફ હવે કોઈએ પણ બેદરકાર રહેવું જોઈએ નહિ. આ ૧૯૦૮ના વરસમાં ફક્ત મુંબઈ ઈલાકાનાજ આબકારી ખાતાની ઉપજ એક કરોડ ૩૦ લાખની થઈ છે. તો હિન્દુસ્થાનના બીજા ભાગોની ઉપજ એકઠી કરતાં તે કેટલી વધી જાય છે એનો વિચાર સર્વકોઈએ કરવા જેવો છે. શું આ આંકડો જોઈ દેશાભિમાની પુરૂષોએ એનો ઉપાય નહિ કરવો જોઈએ? હવે જો આપણા દેશના અગ્રેસર પુરૂષો વેળાસર ચેતીને એનો ઉપાય નહિ કરશે તો છેવટે દેશના લોકોને અન્ન પણ મળવાનું નથી હિન્દુસ્થાનની ગરીબ દશા કરનાર અનેક પ્રકાર છે, તે સર્વનો ઉપાય કરવામાં આવે અને માત્ર મદિરાનો ઉપાય નહિ કરવામાં આવે તો ફક્ત એક મદિરાજ હિન્દુસ્થાનને પાયમાલ કરવાને પુરી રીતે સમર્થ છે.

દરેક દેશમાં લોકમત દારૂની વિરૂદ્ધજ છે. "દારૂ નહી પીવો" આજે સોમાંથી પંચાણું જણ કહે છે, પણ તે કહેવા માત્રજ જણાય છે કારણ કે બોલવા પ્રમાણે ચાલવાની આપણા લોકોમાં બહુ ઓછી ટેવ છે, માટે લોકમત સુધારવાને શુદ્ધ અંતઃકરણથી પ્રયત્ન થવો જોઈએ જેને જે ઉપાય યોગ્ય લાગે તેણે તે ઉપાય વિના સ્વાર્થે સાત્વિક બુદ્ધિથી કર્યા જવું. તેને

પરમેશ્વર યશ આપશેજ. ઉપદેશ, વ્યાખ્યાન, હસ્ત પત્રકો, પુસ્તકો. મેજીક લેટર્નસ, વિગેરે અનેક પ્રકાર થી જે જે મનુષ્યને પરમેશ્વર જેવી જેવી બુદ્ધિ આપે તેણે તે તે ઉપાયથી લોકમત જાગૃત કરવું જોઇએ. સર કાર જો એ બાબત ધ્યાનમાં લે તો એ કામ તરતજ થવા જેવું છે. પણ આશા રાખી લોકોએ હવે બેશી રહેવું જોઇએ નહી. લોકમત એટલું બધું જાગૃત થ વું જોઇએકે તાડી દારૂને માટે પીઠા કહાડવામાં, તેનો ઇજારો લેવામા, તેનો વિક્રય કરવામાં, કોઇ તૈયારજ થાય નહી. જેમ બને તેમ એ મદિરા રાક્ષસીના પગ ભાંગી જાય એવીજ તજવીજ થવી જોઇએ. દેશમાંથી એ રાક્ષસીના પગલા નાબુદ થાય એને માટે પ્રત્યેક પુરૂષના અંતઃકરણમાં શુદ્ધ ઇચ્છા ઉત્પન્ન થવી જોઇએ. અને એ ઈચ્છા ઉત્પન્ન કરવાને જેને જે ઉપાયો લેવા હોય તે પણ લેવા જોઇએ. સરકાર આ બાબતમાં લક્ષ આપતી નથી. સરકારના નિયમ તરફ સરકારી અધિ કારીઓ બીનદરકાર રહે છે. દારૂના દુકાનદારો પણ ગેર કાયદેશર લબાડીનો ધંધો કરે છે. આ સર્વ બંધ કર વાને પણ લોકોના મન જાગૃત થવા જોઇએ. આપણા લોકોને સુધારવાને અને દેશનું ભલું કરવાને આપણે જ શ્રમ લેવો જોઇએ અને સરકારને પણ ઉપરા ચાપ

રી વીનંતી કરવી જોઇએ. કારણ કે આપણે એમાં સરકારનું નુકશાન નથી કરતાં પણ આપણી ધર્મ નીતિ પાળવાને લોકોને આગ્રહ કરીએ છીએ સુદ્ધ હેતુથી પ્રયત્ન કર્યા કરીએ તો પરીણામે જરૂર ફાયદો થશે. થોડો સમય આપણે દુખ પણ વેઠવું પડશે. પણ કાર્ય સિદ્ધિ જલદી થશે. અલ્પ સમયમાં થોડીક જાગૃતિ ફેલાઇ છે. હજી એનાથી વિશેષ પ્રયાસ થવો જોઇએ. આ કામમાં આળસુ થઇ બેસી રહેવું એ પણ મહા પાપ છે આ સર્વ માન્ય લોકહીતના કામમાં યશ પ્રાપ્તિ થવા બનતો પ્રયાસ જો આપણા હાથથી નહિ થાય તો પછી આપણે સ્વરાજ્યને લાયક નથી એમ જ સમજવું જોઇએ.

ગાયકવાડ સરકારના કેળવણી ખાતાએ શાળા લાયબ્રેરી ખાતે મંજુર કરેલું.

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય ભગવત્પૂજ્ય પાદ જગદ્‌ગુરૂ.

શ્રી શંકરાચાર્ય ચરિત્ર.

દ્વારકા મહાધીશ્વર શ્રીમન્માધવતીર્થ સ્વામી શ્રીના ફોટા સાથે પ્રસિદ્ધ થઈ ચુકયું છે.

સનાતન વૈદિક ધર્મના ઉદ્ધારક, શુદ્ધાદ્વૈતના સંસ્થાપક, અનેક પાખંડ મતના ઉચ્છેદક, અને પ્રસ્થાન ત્રય ના ભાષ્યકાર આદ્ય શંકરાચાર્યનું જન્મથી કૈલાશ ગમન પર્યંતનું સવિસ્તાર વર્ણન આ ગ્રંથમાં છે. આરંભમાં શાસ્ત્રીય ભુમિકા, શંકરાચાર્યકૃત ગ્રંથોની યાદી અને છેવટે ચર્પટપંજરિકા સ્તોત્ર અર્થ સાથે જોડેલું છે. આ પુસ્તકના ૨૬ પ્રકરણમાં દિવ્ય ચમત્કાર, ઉત્તમ ધર્મોપદેશ અને અધ્યાત્મ વિદ્યાના મૂળતત્વોનું સંપૂર્ણ ભાન થાય છે. ડેમી આઠ પેજી ૩૨ ફોરમ પૃષ્ટ ૨૫૦ પાકું પુંઠું. કિમ્મત રૂા૦ ૧ નિચેને સ્થળે કર્ત્તા પાસેથી મળશે.

સંપાદક.

મણીશંકર હરિકૃષ્ણ શાસ્ત્રી.

હરીપુરા, ભવાનીવડ—સુરત,